Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૫ (ચાલુ), વીર સં. ૨૪૯૮
વિ. સં. ૨૦૨૮ જ્યેષ્ઠ

જીવન અનન્ત છે, તેની આદિ નથી, અન્ત નથી, આજનું સો વર્ષનું આયુષ્ય પૂરું થયાં પછી–મર્યા પછી પણ જીવનની ધારા નિરન્તર ચાલુ રહે જ છે, માટે એ ધ્યાનમાં રાખવું અત્યન્ત જરૂરનું છે કે માણસે આ જિંદગીનું સુખ એવી રીતે નહિ મેળવવું જોઈએ જેથી મરણોત્તર જિન્દગી દુઃખના ગર્તમાં પટકાઈ પડે. આ જિન્દગીના સુખ પાછળ મરણોત્તર જીવન દુઃખગ્રસ્ત થવા પામે એવા પ્રમત્ત યા ઉન્મત્ત થવું એ મૂર્ખતાની પરાકાષ્ઠા છે. સાચું ડહાપણ એવી રીતે જીવવામાં છે કે અહીં પણ સુખ શાન્તિ રહે અને મરણોત્તર જીવનમાં પણ સુખ શાન્તિની પરંપરા નિરન્તર રહે આ વર્તમાન જીવનમાં વિકાસનાં વાવેતર એવાં થવાં જોઈએ કે મરણોત્તર જીવન પ્રવાહ અધિકાધિક વિકસિત થતો જાય.

શા માટે આપણે આપણા વર્તમાન જીવનને ગુણ સમ્પન્ન બનાવવું જોઈએ મહાન કવિનું સ્પષ્ટ વાક્ય છે કે—

**गुणाः पूजास्थानं गुणिपु न च लिङ्गं न च वयः ।**

અર્થાત્—ગુણીજનમાં રહેલા ગુણો પૂજનીય છે. તેનો વેષ નહિ. તેની ઉમ્મર નહિ. આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે કે ગુણવત્તા એ જ ધર્મ છે. ગુણવત્તાનો સંક્ષિપ્ત નિર્દેશ સત્ય. સંયમ અને સેવા આ ધર્મની જ સાધનામાં જીવનની કૃતાર્થતા છે. અને હંમેશાં માટેની મરણોત્તર અનન્ત જીવન માટેની કલ્યાણ સિદ્ધિ છે.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

પુસ્તક : ૬૯ ] જુન : ૧૯૭૨ [ અંક : ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ.....નુ.....ક્ર.....મ.....ણિ.....કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | મતભેદ પ્રગટે ત્યારે | .... — | ૧૩૯ |
| ૨. | વિપશ્યના | .... મનસુખલાલ તા. મહેતા | ૧૪૧ |
| ૩. | જ્ઞાનસાર સ્વાધ્યાય બત્રીસી | .... અમરચંદ માવજી શાહ | ૧૪૫ |
| ૪. | સૌ ધર્મેન્દ્ર શક્ર | .... પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૪૮ |


## આ સભાના નવા માનવંતા પેટ્રન

### શ્રી પ્રાણલાલભાઈ મોહનલાલ વડાલિયા–મુંબઈ

## આ સભાના નવા આજીવન સભ્ય

### ૧. શ્રી જયંતિલાલ રતીલાલ સલોત–ભાવનગર

### ૨. શ્રી રમણીકલાલ દુર્લભદાસ–ભાવનગર

### ૩. શ્રી ધનવંતરાય દુર્લભદાસ–ભાવનગર

( અનુસંધાન ટાઈટલ પેઈજ ત્રીજાનું ચાલુ )

પાલીતાણા ગુરૂકુળ તથા મોટી ટોળીના સેક્રેટરી શ્રી શાન્તિલાલ ગાંધીના સુપુત્ર શ્રી વસંતરાયના શુભ લગ્ન મહુવા મુકામે કપુરચંદ ત્રીભોવનની સુપુત્રી ઉર્મિલા સાથે તા. ૨–૬–૭૨ના ઉજવાયા.

## પાલીતાણાનું ગૌરવ

જૈન એજ્યુકેશન બોર્ડની ૬૪મી પરીક્ષાનું પરિણામ બહાર પડતા પાલીતાણા બુદ્ધિસિંહજી પાઠશાળાના ૮૮ ભાઇ–બહેનોમાંથી ૬૪ને ઇનામો મળેલ છે. મુખ્ય અધ્યાપક શ્રી જયન્તીલાલ શાહના માર્ગદર્શન નીચે અભ્યાસ કરી રેખાબેન શેઠે ભારતના તમામ ૪૦ કેન્દ્રોમાં ૯૨ માર્કસ સાથે પ્રથમ નંબર મેળવી ભારતભરનું શ્રેષ્ઠ ઈનામ મેળવેલ છે. જ્યારે કુ. મંજુલા સલોત અને શકુંતલા સલોતે ૯૦ માર્કસ મેળવી બીજા નંબરનું ઈનામ મેળવેલ છે.

## વરસીતપના પારણા નિમિત્તે મહોત્સવ

સાવરકુંડલા મુકામે ૬ બહેનોના વરસીતપના પારણા નિમિત્તે, આચાર્ય જયાનંદસૂરીશ્વરજી મહારાજની શુભ નિશ્રામાં, મહોત્સવ ઉજવવામાં આવતા, નવગ્રહપૂજન, શાન્તિસ્નાત્ર, તપસ્વીનો વરઘોડો, સંઘ જમણ આદિ કાર્યક્રમ થયેલ.

વિધિવિધાન માટે પાલીતાણાથી શ્રી ફુલચંદ ઘડીયાળી તથા ધાર્મિક શિક્ષક શ્રી જયન્તીલાલ શાહ આવેલ. ઉત્સવ બાદ બન્ને વિધિકારોનું કુંડલા સંઘ તરફથી બહુમાન કરવામાં આવેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૬૯ ] વિ. સં. ૨૦૨૮ જ્યેષ્ઠ ∴ ઇ. સ. ૧૯૭૨ જુન [ અંક : ૮

# મતભેદ પ્રગટે ત્યારે

મતભેદ દેખાય કે તરત જુદા પડવાનું ધોરણ જો સ્વીકારીએ તો આ જગતમાં રહેવું અશક્ય થઈ પડે. આ સૃષ્ટિમાં કોઈ બે વસ્તુ બાહ્ય રૂપે એકસરખી નથી. વૃક્ષોનાં પાંદડાં અને ઘાસનાં તણખલાંઓ વચ્ચે પણ તફાવત છે. કરોડો માનવીઓમાં સરખી આકૃતિ મળવી દુર્લભ છે. તો એકસરખી પ્રકૃતિ તો મળે જ ક્યાંથી ? માણસમાં સ્વતંત્ર રીતે વિચારવાની શક્તિ આવે કે મતભેદ દેખાય. જીવનમાં હજાર પ્રશ્નો વિચારવાના હોય છે. એ બધામાં એક સરખું દૃષ્ટિબિંદુ નિકટના સાથીઓનું પણ ન હોય. આપણે આ સમજીએ ને બીજાના સ્વતંત્ર મતનો આદર કરીએ તો નિત્ય જીવનના ઘણા વિખવાદો ઓછા થઈ જાય. સિદ્ધાંતનો પ્રશ્ન હોય ત્યાં ગમે તેવા પ્રિયજનથી જુદા થતાં પણ ન અચકાવું જોઈએ. દુનિયામાં સત્યને ભોગે કોઇપણ સંબંધ જાળવવા યોગ્ય હોઈ શકે નહિ; પરંતુ એવા પ્રસંગો કેટલા આવે ? અને સત્યના એવા આગ્રહી આપણે હોઇએ તો તેની અસર સામી વ્યકિત ઉપર થયા વિના પણ રહે નહિ. સત્યનો આગ્રહી ગુમાન કે ઘમંડ રાખી શકે નહિ. એતો નમ્રતાથી પોતાનું દૃષ્ટિબિંદુ બીજાને સમજાવે અને બીજાના વિચારો સમજવા ખુલ્લા દિલે પ્રયત્ન કરે. બંને બાજુ પૂર્વગ્રહથી મુકત અને નમ્રતાયુક્ત સત્યનો આગ્રહ હોય તો જુદા પડવા છતાં હૃદયનો સાથ કાયમ રહે અને જ્યારે ભૂલ સમજાય ત્યારે તે સ્વીકારતાં ને માર્ગ બદલતાં તે અચકાય નહિ.

પણ આવા દાખલા બહુ જૂજ બને છે. આપણા ઘરમાં પતિ–પત્ની–પુત્ર, ભાઈ ભાઈ કે કુટુંબના બીજા સભ્યો સાથે જે મતભેદ દરરોજ આપણને જોવા મળે છે તેને ઉચ્ચ સિદ્ધાંતો સાથે કોઇ સંબંધ છે ? જાહેર સંસ્થામાં કે સામાજિક સંબંધોમાં જ્યાં મન ખાટાં થઈ ગયાં હોય ત્યાં સિદ્ધાંતોનોજ સવાલ કારણભૂત હોય છે ખરો ? ઘણીવાર નિરર્થક ચર્ચામાં પણ મતભેદ ઊભો થતાં આપણે રોષે ભરાઈએ છીએ અને એક બીજા માટે હીણું બોલવા લાગીએ છીએ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યાં સિદ્ધાંતનું નામ પણ લઈ શકાય એવું હોય છે? દુનિયામાં જો પ્રેમની મીઠાશ પ્રસરાવવી હોય અને સહકારની ભાવના વિસ્તારવી હોય તો નજીવા મતભેદો અને સિદ્ધાંતના સવાલો વચ્ચેનો ભેદ આપણે સમજવો જ જોઇશે. પહેલામાં આપણે ઉદારતા કેળવવી જોઇએ અને બીજામાં નમ્રતા સાથેની દઢતા. આ ભેદ આપણે નહિ સમજીએ ને મતભેદ થતાં દૂર ખસવાની પ્રકૃતિ રાખીશું તો આપણું સામાજિક જીવન છિન્નભિન્ન થઈ થશે અને કોઈ મોટા કામ માટે સહકાર કરવાની આપણી શક્તિ જ નહિ રહે.

નજીવા મતભેદમાં પણ જલદ બની જવાના આપણા સ્વભાવની પાછળ ઘણું કરીને અહમ્‌વૃતિ કામ કરતી હોય છે. બીજાનો જુદો મત સહન ન કરી શકનારના મનમાં વય, જ્ઞાન, શાણપણ કે મોટાઇનું અભિમાન પડેલું હોય છે અને તે નકાર સાંભળતાં જ ઘવાય છે. આ સ્થિતિ સારી નથી. દરેક સમજદાર વ્યકિતને સ્વતંત્ર રીતે વિચારવાનો અને ચોક્કસ અભિપ્રાય ધરાવવાનો હક્ક છે એમ આપણે સ્વીકારી લેવું જોઇએ. મતભેદ દેખાતાં જો આપણે આગ્રહી ન બનીએ, ઉશ્કેરાઇએ નહિ તો સામા માણસ ઉપર સારી જ અસર થાય છે. આપણામાં પ્રેમ, નમ્રતા અને સહાનુભૂતિ દેખાય તો સામે પણ તેનું પ્રતિબિંબ ઊઠે છે. આવી સ્થિતિમાં પૂર્વ-ગ્રહની ગાંઠ છૂટી જાય છે અથવા ઢીલી બને છે અને સત્યને પ્રવેશવાનો માર્ગ ખુલ્લો થાય છે.

મતભેદ થાય ત્યાં બીજાના મતને માન આપી આપણા અભિપ્રાય વિષે ફરી વિચારવાની જો ટેવ પાડીએ તો તેનીયે સારી અસર થાય છે. આપણને પોતાને તો તેથી લાભ જ થાય છે, પણ સામી વ્યકિત પણ પોતાના દઢ માનેલા અભિપ્રાય વિષે ફરી વિચારવા પ્રેરાય છે. આવા પરસ્પરના મનોમંથનમાં ઘણીવાર સત્યનું અમૃત પ્રાપ્ત થઈ જાય છે. નજીવી બાબતોમાં ઉદાર-ભાવે નમતું મૂકવામાં આવે અથવા ખુલ્લા દિલની ચર્ચાથી એકબીજાનું મંતવ્ય સમજી લેવામાં આવે તો આપણા જીવનવ્યવહારમાં પ્રેમ અને સહકારની ભાવના વધે. જ્યાં સિદ્ધાંતનો સવાલ હોય ત્યાં અડગ ઊભા રહીએ, પરંતુ સિદ્ધાંત અને સામાન્ય બાબતનો ભેદ સમજવા જેટલી આપણી વિવેકબુદ્ધિ તીવ્ર હોવી જ જોઇએ. કોઈ પણ સંજોગોમાં નમ્રતા તો રાખવી જ જોઇએ; કારણ કે એ વિના સત્યદર્શન કદી થઇ શકતું નથી.

વધુ નહિ, એક દિવસ કે એક અઠવાડિયા માટે આ વિષે જાગૃત રહી વિચારવાનો સંકલ્પ કરીએ, સવારથી સાંજ સુધી જ્યાં જ્યાં મતભેદનો અનુભવ થયો હોય ત્યાં ત્યાં તેનાં શાં કારણો હતાં તેની તપાસ કરીએ. કારણો વાજબી લાગે તો તે પછી આપણે કેમ વર્ત્યા હતા તે યાદ કરીએ. મતભેદ ઊભો થતાં રોષે તો નહોતા ભરાયા? સામા પક્ષને સાંભળવાનો ઈન્કાર તો નહોતો કર્યો? આપણું સત્ય સામા પક્ષને ગળે ઊતરે તે માટે આવશ્યક દલીલો ને નમ્રતા આપણી પાસે હતાં? આપણું સત્ય અભિમાનથી દૂષિત થયેલું તો નહોતું ને? આવી તપાસ કરીશું તો આપણને ખાતરી થશે, કે મતભેદનો પ્રસંગ ઊભો થતાં સત્યને મધુર બનાવવાથી બીજાના હૃદય ઉપર તેની સારી અને ત્વરિત અસર થાય છે.

('વિશ્વવાત્સલ્ય'માંથી સાભાર ઉદ્‌ધૃત્)

*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિપશ્યના

લેખક : **મનસુખલાલ તા. મહેતા**

[ વિ, અર્થાત વિશેષ પ્રકારે અને પશ્ય એટલે જોવું તેથી વિપશ્યનાનો અર્થ ચારે તરફથી જોવું એવો થાય છે. પાલિભાષાના વિપસ્સના શબ્દમાંથી વિપશ્યના શબ્દ સધાયો છે. શ્રી સત્યનારાયણ ગોયન્કા જેઓ વરસોથી બરમામાં રહેતાં હતાં તેઓ આ વિશિષ્ટ કોટિના ધ્યાનની શિબિરો ચલાવે છે. આજ સુધીમાં આવી પંચાવન શિબિરો થઇ ગઈ છે. આ શિબિરો દશ દશ દિવસ માટેની હોય છે. તેમાં દરરોજ આઠથી દશ કલાક ધ્યાન ધરવાનું હોય છે. ધ્યાન ઉપરાંત બૌદ્ધગ્રંથોના આધારે જીવનને નિર્મળ–શુદ્ધ કરવાનો પણ સાધકોને ઉપદેશ આપવામાં આવે છે. શિબિરમાં સાધકોને એક જ વખત સાદું ભોજન મળે છે અને સવારે નાસ્તામાં દૂધ–થુલી, સાંજે પાંચ વાગે ચા અને રાતે નવ વાગે સૂવાના સમયે દૂધ તેમજ ફળ આપવામાં આવે છે. આ શિબિરો પાછળ કમાવાની કોઇ વૃત્તિ નથી.

શ્રી ગોયન્કા અત્યંત સાધનસંપન્ન અને સુખી માણસ છે. વરસો પહેલાં અસાધ્ય એવી બીમારીથી તેઓ રીબાઇ રહ્યાં હતાં અને તેના નિવારણ અર્થે યુરોપ તેમજ અમેરિકા પણ જઇ આવ્યા, પરંતુ તેનું કશું પરિણામ આવી શકયું નહીં. તે પછી ધ્યાનની આ પ્રક્રિયા દ્વારા તેઓ દર્દમુક્ત થયા અને તેનો લાભ જનતાને મળે એજ ઉદ્દેશ આવી શિબિરો પાછળ છે. છેલ્લા માર્ચ માસમાં આવી એક શિબિરમાં હું બેઠો હતો અને તે આધારે અન્ય લોકો પણ ધ્યાનની આ પ્રક્રિયા સમજી શકે તે ઉદ્દેશથી આ લેખ લખવામાં આવેલ છે. ]

ધ્યાનની આ પ્રક્રિયામાં પ્રથમ શ્વાસોશ્વાસ પ્રત્યે મનને એકાગ્ર કરવાનું હોય છે. શ્વાસોશ્વાસ પણ સામાન્ય રીતે આપણે લઇએ–મૂકીએ છીએ તે જ પ્રમાણે લેવા–મૂકવા. શ્વાસ છોડતી વખતે તે ક્રિયાને અંતે હોઠના ઉપલા ભાગમાં સ્વંદન થાય છે. પ્રથમ ત્રણ દિવસ આ ધ્યાન પદ્ધતિપર મનને એકાગ્ર કરવાનું હોય છે. ધ્યાનની શરૂઆતમાં જાતજાતના વિકલ્પો–વિચારો મનમાં ઊઠે છે પણ તેથી ગભરાવાની કે નિરાશ થવાની જરૂર નથી. જંગલમાંથી વૃક્ષના સુકાં પાંદડાં, કચરો, કોઈને ઉપાડી જતાં જોઇએ તો તેનું આપણને જેમ કાંઈ મહત્ત્વ નથી, તેમ આવા વિચારોને પણ કશું મહત્ત્વ આપવું નહીં. આવા વિચારો પ્રત્યે દુર્લક્ષ કરવાથી ધીમે ધીમે તેનો પ્રવાહ મંદ પડતો જશે. નદીમાં જેમ પાણીનો પ્રવાહ એકધારો સતત ચાલી રહેલો હોય છે તેમ વિચારોનો પ્રવાહ પણ માનવ મનમાં ચાલતો જ હોય છે.

ત્રણ દિવસના આવા અભ્યાસ પછી અનિત્યતાની ભાવના વિષે સમજાવવામાં આવે છે. રૂપ અનિત્ય છે–વેદના અનિત્ય છે–સંજ્ઞા અનિત્ય છે–સંસ્કાર અનિત્ય છે–વિજ્ઞાન અનિત્ય છે– જે અનિત્ય તે દુઃખકર, જે દુઃખકર તે અનાત્મક, જે અનાત્મક તે મારું નથી, તે હું નથી, તે મારો આત્મા નથી. આ પ્રમાણે યથાર્થ તથા સમ્યક્‌પ્રજ્ઞાથી જોવું. બધું જ ક્ષણભંગુર છે અને દરેકમાં પરિવર્તન થાય છે. ક્ષણભંગુરનો અર્થ ક્ષણે ક્ષણે જેનો નાશ થતો જાય છે તેમ કરવામાં આવ્યો છે. આ વિધાન મુજબ રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાન એ પાંચે સ્કંધો ઉપર અનિત્યતાની ભાવના કરવાની છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રૂપસ્કંધ—દાખલા તરીકે પૃથ્વી. ધરતીકંપ વગેરેને લીધે પહાડ હોય ત્યાં દરિયો થઇ જાય છે. દરિયો હોય છે ત્યાં રણ થઇ જાય છે. ચોમાસામાં જે નદી પાણીથી ભરેલી હોય છે તે નદીમાં ઉનાળે કાંકરા જોવામાં આવે છે. સવારે હવા શાંત હોય છે તો સાંજે પવનનું તોફાન જોવામાં આવે છે. આ રીતે બાહ્ય રૂપ-સ્કંધોમાંના સ્થૂલ ફેરફારોનું અવલોકન કરી ધીમે ધીમે સાધકે સૂક્ષ્મ ફેરફારોનું નિરીક્ષણ કરવાનો અભ્યાસ કરવો જોઇએ. દેહમાંનો રૂપસ્કંધ કેમ બદલાતો જાય છે તે વિષે વિચારવું. બાળકમાંથી યુવાન, યુવાનમાંથી પ્રૌઢ, પ્રૌઢમાંથી વૃદ્ધ આમ બાહ્ય તેમજ અંતરના રૂપસ્કંધોની અનિત્યતા વિષે વિચારવું. હવે વેદના સ્કંધનો વિચાર કરીએ. સવારના શ્રીખંડનું ભોજન લેતી વખતે ખૂશ મિજાજમાં હતો, સાંજે પેશાબનો ટેસ્ટ કરતાં સાકરનું વધુ પડતું પ્રમાણ દેખાયું એટલે ખૂશમિજાજને બદલે સંતાપ થવા લાગ્યો. રાતે ઊંઘ આવી ગઇ એટલે સંતાપની લાગણી ઉપેક્ષા કારક બની ગઇ. આ રીતે, સુખ—દુઃખ—ઉપેક્ષા એ ત્રણે પ્રકારની વેદનાનો આપણે નિરંતર અનુભવ કરીએ છીએ. આથી અનિત્યતાનું આપણને ભાન થાય છે.

સંજ્ઞા એટલે પદાર્થ માત્રની કલ્પના. સ્ત્રી—પુરુષ—ગાય—ઘોડો—વૃક્ષ—વનસ્પતિ વગેરેમાં જે ભેદ લાગે છે તેનું કારણ સંજ્ઞા. એકજ જડસૃષ્ટિના અનેક પદાર્થો બનેલા હોવા છતાં, જે માનસિક શકિત વડે તેમનું સ્વરૂપ આપણને ભિન્ન લાગે છે તે શકિતનું નામ સંજ્ઞા. વેદના સ્કંધની માફક સંજ્ઞા સ્કંધ પણ અનિત્ય છે. પ્રિય—અપ્રિય સંજ્ઞાઓનો ફેરફાર થયા જ કરે છે. બે ભાગીદારો પ્રેમભાવ પૂર્વક ધંધો કરતાં હોય છે અને અરસપરસ વચ્ચે અપૂર્વ સ્નેહ હોય છે. તેમાં ઝઘડો થવા પામે અને મામલો કોર્ટમાં જાય. બંને એક બીજાને દૂશ્મન માનવા લાગે. પતિ—પત્નિ વચ્ચે અરસપરસ અપૂર્વ પ્રેમ હોય, તેમાંથી ઝઘડો થવા પામે અને છૂટાછેડા પણ લેવાય. પછી તો એક બીજાને એક બીજાનું મોઢું જોવામાં પણ ત્રાસ થાય છે.

સંસ્કારોની પણ તેવી જ ગતિ છે. કોઇપણ માણસમાં કાયમ માટે એકને એક પ્રકારના સંસ્કાર ટકી રહેતા નથી પણ એમાં પરિવર્તન થયા જ કરે છે. હું એક એવા માનવીથી પરિચિત છું કે જે વિદ્યાર્થી અવસ્થામાં અભ્યાસ કરતી વખતે એમ માનતા હતા કે જીવનમાં જો બે વખત રોટલો અને છાશ મળે, રહેવા માટે ઝુંપડી મળે અને પહેરવા માટે કપડાંની બે ત્રણ જોડ મળી રહે તો બીજું વધારે જોઈએ શા માટે? આજે એજ ભાઇને માસિક રૂપિયા ત્રણ હજાર પગાર મળે છે, રહેવા માટે આલેશાન બ્લોક છે, મોટરગાડી છે, બાળકો છે પણ તેમ છતાં જીવન વિષે સંતોષ નથી. અમેરિકા જઈ વધુ ડોલર કમાઇ આવવાનું મન થાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સંસ્કારોમાં પરિવર્તન થયા જ કરે છે. નાનપણથી જીવનના છેડા સુધી ફેરફાર ન જ થતાં હોય એવા સંસ્કારવાળી વ્યકિત જોવામાં આવતી નથી.

ધ્યાનમાં એકાગ્રતા કેળવવા અર્થે સાધકે વ્યસન માત્રથી દૂર રહેવું જોઈએ. સમાધિનો સૌથી મોટો શત્રુ વ્યસનાધીનતા છે. દારુ, માંસ, વ્યભિચાર અને જુગાર જેવા મહાવ્યસનો એક બાજુએ મૂકતાંય, જો માણસ બીડી, તમાકુ, પાન, સોપારી જેવા નાના વ્યસનમાં પણ ફસાય, તો એવા સાધકને સમાધિ થવી શકય નથી. હજુ તો મનની એકાગ્રતા સધાય ન સધાય ત્યાં તેનું મન વ્યસન તરફ દોડશે અને એકાગ્રતા નષ્ટ થશે. તેથી સાધકે કાયમ માટે વ્યસન મુક્ત રહેવું જરૂરી છે. આ ઉપરાંત નીચેની પાંચ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાબતોનું સંપૂર્ણ રીતે પાલન કરવું જોઈએ. (૧) પ્રાણઘાતમાંથી નિવૃત્તિ અર્થાત્ અહિંસાનું પાલન (૨) અદત્તાદાન અર્થાત્ ચોરીથી નિવૃત્તિ (૩) અબ્રહ્મચર્યથી નિવૃત્તિ અર્થાત્ બ્રહ્મચર્યનું પાલન (૪) અસત્યમાંથી નિવૃત્તિ જેને આપણે મૃષાવાદ કહીએ છીએ (૫) કેફી પદાર્થોથી નિવૃત્તિ. બૌધ સાહિત્યમાં આ પાંચે બાબતોના પાલનને શીલ કહે છે. જેણે સમાધિ પ્રાપ્ત કરવી હોય તેણે શીલનું પાલન કરવું જરૂરી છે.

ખોટા તોલમાપ, આવક અને વેચાણ વેરામાં ખોટી ઘાલમેલ કરવી, ખોટા ચોપડા લખી કરવેરામાંથી બચી જવાની પ્રવૃત્તિ કરવી, સાચી આવક ન બતાવવી, કાળા બજારો કરી લોકો સાથે છેતરપિંડી કરવી–આવું બધું કરનારાઓ માટે ધ્યાનનો માર્ગ કદી પણ સિદ્ધ થતો નથી, પછી ભલે તેની પાસે કરોડોની સંપત્તિ હોય. આપણે ત્યાં પણ શ્રીમદ્ હરિભદ્રસૂરિજીએ ન્યાય સંપન્ન વૈભવ પર બહુ ભાર મૂકયો છે. જે ધર્માનુષ્ઠાનો પાછળ ન્યાયપૂર્વક મેળવેલું દ્રવ્ય ખર્ચાતું નથી, તે તે ધર્માનુષ્ઠાનો તાત્ત્વિક દૃષ્ટિએ પાપાનુષ્ઠાનો છે. બૌધ ધર્મમાં શીલનું અત્યંત મહત્ત્વ છે. શીલ વિષે કહેવામાં આવ્યું છે કે શીલનું બળ વૈભવ અનુપમ અપ્રતિમ છે. શીલ એ જ શ્રેષ્ઠ આભૂષણ છે. શીલ જેવું અન્ય કોઈ કવચ બખતર નથી. શીલ રૂપી આભૂષણથી જે સુસજ્જિત છે તે એવો દીપે છે કે જેવો મણિઓથી સુસજ્જિત રાજા પણ શોભતો નથી.

આ ધ્યાન વિષેની વિશિષ્ઠતા એ છે કે ધ્યાન વખતે કોઈ આલંબન કે જાપની તેમાં જરૂર નથી. શ્વાસોશ્વાસની ક્રિયા પર જ ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. સમાધિ માટે જરૂરનું છે નિષ્પાપ બનવું એ. કુશળ ચિત્ત એકાગ્ર બને તે જ સમાધિ છે. રાગમય, મોહમય અગર દ્વેષમય ચિત્ત કુશળ ન કહેવાય. રાગ–દ્વેષ મોહનું આલંબન લઈને પણ ચિત્તની એકાગ્રતા કેળવી શકાય, પણ તેથી સમાધિ પ્રાપ્ત ન થઈ શકે. રાગ–દ્વેષ–મોહ પર આલંબિત એકાગ્રતા અકુશળ ચિત્તની તલ્લીનતા છે, કુશળ ચિત્તની નહીં. આલંબન એવું હોવું જોઇએ કે જે પ્રત્યે આપણને રાગ કે દ્વેષ ન હોય. પ્રિય અગર અપ્રિય ન હો. નૈસર્ગિક શ્વાસ પ્રશ્વાસનું આલંબન લેવાનું મુખ્ય કારણ એ છે કે શ્વાસની ગતિને મનના વિકારો સાથે અત્યંત નિકટનો સંબંધ છે. વિષય–કષાય, વાસના–કામનાના ભાવો ઉત્પન્ન થતાં આપણા શ્વાસ પ્રશ્વાસની ગતિને દુષિત થતાં આપણે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ. કામ–ક્રોધ–માન–માયા–લોભની વૃત્તિ જાગતાં શ્વાસની ગતિ સ્વાભાવિક રીતે જ તીવ્ર અને સ્થૂલ થઈ જવા પામે છે. એટલે જ સાધકે શીલનો જે અર્થ અહિં બતાવ્યો છે તે અર્થમાં શીલવાન બનવું અત્યંત જરૂરનું છે.

રૂપ, શબ્દ, રસ, ગંધ અને સ્પર્શ આ પંચેન્દ્રિયના વિષયો અહિતકર છે. કેવળ બાહ્ય રીતે વિષયોનો ત્યાગ કરવાથી મનુષ્ય તેમાંથી મુક્ત નથી થઈ શકતો વિષયોની આસક્તિ છોડી દીધાથી જ મનુષ્ય તેમાંથી મુક્ત બની શકે છે. જેટલા પ્રમાણમાં આસક્તિ તેટલા પ્રમાણમાં દુ:ખ. પંચેન્દ્રિયના વિષયોમાં જાતિય આકર્ષણ સૌથી વધુ બળવાન આકર્ષણ છે. દેહવાસના વખતે દેહનું બાહ્ય સ્વરૂપ જોવાને બદલે એની ભીતરના સ્વરૂપનો વિચાર કરવો. પગના તળિયાથી તે ઉપર માથાના વાળ નીચેના ત્વચાથી ઢંકાયેલા અને અશુચિ પદાર્થોથી ભરેલા શરીરનું નિરીક્ષણ કરવું. શરીરમાં વાળ, લોમ, નખ, દાંત, ચામડી, માંસ, સ્નાયુ, હાડકાં, અસ્થિમજ્જા, હૃદય, યકૃત, ફેફસાં, આંતરડાં, આંતરડાની આસપાસની દોરી, પેટમાંના પદાર્થ જેવા કે વિષ્ટા, પિત્ત, શ્લેષ્મ, પરૂ, લોહી, સ્વેદ,



For Private And Personal Use Only

મેદ, થૂંક, નાકમાંનો મેલ, સાંધામાં રહેલો ચીકણો પદાર્થ, મૂત્ર, વગેરે પદાર્થો છે. દેહ પ્રત્યે જોવાની આવી દૃષ્ટિ કેળવાઇ ગયા પછી દેહાકર્ષણ રહી શકતું નથી. આ રીતે પંચેન્દ્રિયના વિષયોનું સ્વરૂપ સમજાઈ ગયા પછી સાધકનું લક્ષ તે તરફ જતું નથી.

ધ્યાનના અંતે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાની ભાવના ભાવવાની હોય છે. મૈત્રી ભાવનાનો મુખ્ય હેતુ કોઇ પણ રીતે સર્વ પ્રાણીઓ માટે મનમા આત્યંતિક અને નિઃસીમ પ્રેમ ઉત્પન્ન કરવાનો છે. શરૂઆતમાં પોતાની જાત ઉપર અથવા તો મિત્ર પર મૈત્રીની ભાવના કરવાનો અભ્યાસ કરવો. કરુણાનો પ્રારંભ શત્રુ અને મિત્રથી ન કરતાં મધ્યસ્થ મનુષ્યથી કરવો. મુદિતાનો આરંભ આપણને અતિપ્રિય હોય તેનાથી કરવો અને અનુક્રમે મધ્યસ્થ અને શત્રુ ઉપર મુદિતા ઉત્પન્ન કર્યા પછી ધીમે ધીમે સર્વ પ્રાણી માત્ર ઉપર મુદિતા ઉત્પન્ન કરવાનો અભ્યાસ કરવો. ઉપેક્ષાની શરૂઆત મધ્યસ્થ સદૃશ વ્યક્તિથી કરવી. બાળક ગાઢ નિદ્રામાં હોય ત્યારે તેની માતા જેમ તેની ઉપેક્ષા કરે છે તે પ્રમાણે બધાં પ્રાણી માત્ર માટે જાગૃત ઉપેક્ષા પેદા કરીને સમાધિ સાધ્ય કરવી. આ ચારે ભાવનાઓ દ્વારા જગતપર પ્રેમ કરી શકવાની શક્તિ પ્રાપ્ત થાય છે. ધાવણા બાળક પર માતા અત્યંત પ્રેમ કે મૈત્રી કરે છે અને બાળકને સ્તનપાન કરાવતી વખતે માતાના મોં પર અત્યંત સંતોષ અને આનંદ છવાઈ રહેલો જોઇ શકાય છે. બાળક માંદુ પડે ત્યારે માતા તેની પર અપાર કરુણા કરે છે. માંદગીના કારણે બાળક જે દિવસે ખાઇ શકતું નથી તે દિવસે માતાની ભૂખ પણ મરી જાય છે. આવી પરિસ્થિતિ કરુણાની ભાવનાને આભારી છે. બાળક તોફાન કરવા માંડે, નાચવા કૂદવા લાગે ત્યારે માતા તેના પર મુદિતા કરે છે. પક્ષીને પાંખ આવે ત્યારે માળામાંથી જેમ ઊડી જાય છે, તેમ બાળક યુવાન થાય એટલે પત્નીને લઇ સ્વતંત્ર રીતે સંસાર ચલાવવા લાગે છે. માતા પ્રત્યેનું તેનું ખેંચાણ નથી રહેતું. એ પ્રસંગે પણ માતા સંતાન પર દ્વેષ નથી કરતી, તેના વિષે કશી ફરિયાદ નથી કરતી પણ ઉપેક્ષા કરે છે. આજ પ્રમાણે જગતને બાળક તુલ્ય ગણનાર સાધકનું મન ભિન્ન ભિન્ન પ્રસંગે આ ચાર ભિન્ન ભાવનાઓ વડે વિકસિત થતું રહે છે.

આ રીતે વિપશ્યના એ માત્ર ધ્યાનની એક પ્રક્રિયા છે એવું નથી, પણ આ સાધનાનો મુખ્ય હેતુ તો જીવનશુદ્ધિનો છે. જીવનશુદ્ધિ વિના સાધક સાચા અર્થમાં ધ્યાન–સમાધિનો અધિકારી બની શકતો નથી.

卐

## ધર્મ

પરોપકાર તે પુન્ય છે, પરને પીડા તે પાપ;
જ્ઞાનીએ સંક્ષેપમાં, આપ્યું ધર્મનું માપ.
[illegible]માં ભૂમિ ઊખડે, પુન્યે પાપ ઠેલાય;
ધર્મનાવ સંસારમાં, ભવનો પાર પમાય.

—અમરચંદ માવજી શાહ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનસાર સ્વાધ્યાય બત્રીસી

**રચયિતા–અમરચંદ માવજી શાહ, તળાજા**

યોગીશ્વર શ્રીમદ્ યશોવિજયજી મહારાજ ત્રણસો વરસ પહેલા મહાન ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાય પદવીથી અલંકૃત હતા. મહાન શાસ્ત્રકર્તા તરીકે તેઓશ્રી જૈન શાસનમાં સૂર્ય સમાન પ્રકાશિત થઈ ગયા છે. તેઓશ્રી યોગીશ્વર શ્રીમદ્ આનંદઘનજીના સમકાલીન હતા તેઓશ્રીનાં સત્સમાગમથી યશોવિજયજી મ. અધ્યાત્મવિદ્યામાં પારંગત થયા હતા. અને અધ્યાત્મસાર જ્ઞાનસાર અધ્યાત્મોપનિષદ વિ. યોગ અધ્યાત્મનાં શાસ્ત્રો પોતાની ઉત્તરાવસ્થામાં લખી જૈનશાસન ઉપર પરમ ઉપકાર કરી ગયા છે.

આમાં 'જ્ઞાનસાર' એ તેઓ શ્રીમદ્‌ની અંતિમ જ્ઞાનના નિચોડરૂપ છે. તે જૈન જગતમાં પ્રકાશિત છે. તેમાં ૩૨ અષ્ટકો ફૂલગુંથણી માફક ૩૨ પાંખડીનું જાણે કમળપુષ્પ આત્મસરોવરમાં પ્રગટ્યું છે. એક એક અષ્ટકમાં અનુષ્ટુપ ૮–૮ શ્લોક છે જેમાં સાધ્ય–સાધનનો સુમેળ સંધાયો છે. જૈન દર્શનની પ્રેરણાત્મક ગીતા જેવું આ પવિત્ર શાસ્ત્ર છે. તેની ઉપર તાર્કિક શિરોમણી શ્રીમદ્‌દેવચંદ્રજીએ 'જ્ઞાનમંજરી' નામની વિસ્તૃત ટીકા રચી જ્ઞાનસારના શિખર ઉપર કળશ ચડાવ્યો છે.

અધ્યાત્મજ્ઞાનના તૃષાતુર આત્માઓને આ ગ્રંથ ખુબજ પ્રેરણાત્મક બને છે. નય–નિક્ષેપાદિથી અલંકૃત ટીકા–નિશ્ચય–વ્યવહારની જ્ઞાનક્રિયાની અપૂર્વ સંધીવાળો આ ગ્રંથ છે. જ્ઞાનપૂર્વકની ક્રિયા–સમ્યગ્‌દૃષ્ટિની પ્રાપ્તિ અધ્યાત્મ–ભાવના–ધ્યાન–સમતા અને વૃત્તિ સંક્ષયયોગથી આત્માને શુદ્ધ–સિદ્ધ દશાને પ્રાપ્ત કરવા માટે આ જ્ઞાનસાર ગ્રંથનો વ્યાપક રીતે જૈનશાસનમાં પ્રચાર થાય તે આ યુગમાં આવશ્યક છે આ ગ્રંથનું સંક્ષિપ્તમાં ૩૨ ગાથાનું સ્વાધ્યાય કાવ્ય ભાવાર્થરૂપ લખ્યું છે તે નીચે આપવામાં આવેલ છે.

(રાગ સિદ્ધચક્ર પદ વંદો રે ભવિકા)

જ્ઞાનસાર વિચારો રે ચેતન, ચેતન ચિત્તમાં ધારો....એ ટેક
પૂર્ણસ્વરૂપ પરમાતમા રે, પૂર્ણાનંદ ભગવાન;
સત્ ચિદાનંદ સ્વરૂપનું રે, ધ્યાન ધરો ગુણવાન....રે ચેતન–૧

મગ્ન થઇ સ્વ સ્વરૂપમાં રે, પરભાવ કરો ત્યાગ;
પૂર્ણ સ્વરૂપનાં લક્ષથી રે, થાઓ શુદ્ધ વિતરાગ....રે ચેતન–૨

સ્થિર થઇ નિજ જ્ઞાનમાં રે, પ.મો સુખ અપાર;
સમ પરિણામી વૃત્તથી રે, ચારિત્ર ધર્મ સ્વીકાર....રે ચેતન–૩

મોહ ભાવને ત્યાગતા રે, શુદ્ધ સ્વરૂપ પમાય;
સ્વભાવમાં સ્થિરતા થતા રે, મુક્તિ પૂરી સંધાય.... રે ચેતન–૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આતમ જ્ઞાનને પામીને રે, મોહ ભાવ તજાય;
વિવેકથી સ્વ-પર તણો રે, અનુભવ નિજ થાય....રે ચેતન-૫

જ્ઞાનામૃતને ચાખવા રે, સમતા ભાવ ગ્રહાય;
મોહાદિ વિકારને રે, સમરસથી રોકાય....રે ચેતન-૬

સમરસ ભાવ વધારવા રે, ઈન્દ્રિય જય જરૂર;
ઇન્દ્રિય જયથી આતમા રે, સમભાવે ભરપૂર....રે ચેતન-૭

ઇન્દ્રિય જય કરવા તમે રે, પર ઇચ્છા કરો ત્યાગ;
ઇન્દ્રિય સંયમ તપ થકી રે, વધે અંતર વૈરાગ્ય....રે ચેતન-૮

મન-વચનને કાયાનો યોગ, સાધવા સંસાર ત્યાગ;
શુદ્ધ ઉપયોગ પ્રાપ્ત કરવા, ગ્રહે અંતર વૈરાગ્ય....રે ચેતન-૯

સાધક ને સાધન છે ક્રિયા, સાધ્ય સિદ્ધ કરવાય,
શુદ્ધ સ્વરૂપના લક્ષથી રે, મુક્તિ પુરી સધાય....રે ચેતન-૧૦

તૃપ્તિ થાશે જ્ઞાનથી રે, શાંતિ મળશે અનંત;
શુદ્ધ સ્વરૂપના ધ્યાનથી રે, તૃપ્તિ સમકિતવંત....રે ચેતન-૧૧

જ્ઞાન તણા ઉપયોગથી રે, નિર્લેપ રહો સદાય;
પર પુદ્ગલના ત્યાગથી રે, કર્મ લેપ ન થાય....રે ચેતન-૧૨

નિર્લેપ રાખવા આતમા રે, નિસ્પૃહતા સુખદાય;
પોતાનું તે પોતાની પાસે, બીજે શું યાચવા જાય....રે ચેતન-૧૩

નિસ્પૃહતા સુખદાય ગણીને, અંતર મૌન સધાય;
સંકલ્પ વિકલ્પ ત્યાગ કરીને, નિર્વિકલ્પ થવાય....રે ચેતન-૧૪

દેહાદિ સંયોગથી ભિન્ન, પ્રજ્ઞા થકી પરખાય;
વિવેક સ્વ-પરનો કરીને, ભેદજ્ઞાન વખણાય....રે ચેતન-૧૬

ભેદજ્ઞાન ભાવતા રે, મધ્યસ્થતા ચિત્ત થાય;
રાગ દ્વેષના દ્વંદમાં રે, સમભાવે સોહાય....રે ચેતન-૧૭

નિર્ભયતા સમભાવથી રે, ક્ષોભ રહિત સદાય;
શુદ્ધ સ્વભાવ પ્રાપ્તિ કરતા, ભ્રાંતિ ભય દૂર થાય....રે ચેતન-૧૮



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિર્ભયતાથી સ્વભાવમાં રે, અપ્રમત્ત યોગ થાય;
આત્મપ્રશંસા તેને શું કરવી ? જે છે તે આતમરાય....રે ચેતન-૧૯
તત્વદૃષ્ટિની પ્રાપ્તિથી સમજે, દ્રવ્ય ગુણ પરયાય;
સમ્યક્ભાવે જાગ્રત થઈને, આતમશક્તિ પરખાય....રે ચેતન-૨૦
સર્વ સમૃદ્ધિ એના તણી, અંતર સૃષ્ટિ દેખાય;
પૂર્ણસ્વરૂપ પોતાને જાણી, પરદ્રવ્ય ત્યાગ કરાય....રે ચેતન-૨૧
શુભાશુભ જે કરમની લીલા, સુખ દુઃખ અનુભવ થાય;
હર્ષ-શોકનો ત્યાગ કરીને, સમભાવથી તે સહાય....રે ચેતન-૨૨
કર્મ વિપાકનું ચિંતન કરતો, ઉદ્વેગ સંસારમાં ય;
ઉદાસીનતાથી કર્મ વેદીને, સાગર પાર થવાય....રે ચેતન-૨૩
સંસારમાં સામે પૂર ચાલી, લોકસંજ્ઞા કરી ત્યાગ,
આકુળતાથી આતમ મગ્ન, આકુળતા નહિ થાય....રે ચેતન-૨૪
સત્ શાસ્ત્રરૂપ દિવ્ય ચક્ષુથી, નિરખે લોક સ્વરૂપ,
આલંબી ગ્રહી શાસ્ત્ર દીપિકા, પડે નહિ ભવ કૂપ....રે ચેતન-૨૫
બાહ્ય અભ્યંતર પરિગ્રહોની, મૂર્છાનો કરે ત્યાગ;
જ્ઞાતા દૃષ્ટા સ્વસ્વભાવમાં, સાધન રૂપ સ્વાંગ....રે ચેતન-૨૬
આસક્તિ રહિત એ યોગી, અનુભવમાં લીન થાય;
અનાસકત યોગ વિચારી, સામર્થ્ય યોગ સધાય....રે ચેતન-૨૭
મોક્ષની સાથે યોગને જોડી, ક્રિયા કરતો તમામ;
ઇચ્છા-પ્રવૃત્તિ-સ્થિરતા સાધી, સિદ્ધિ યોગનું કામ....રે ચેતન-૨૮
જ્ઞાન યજ્ઞમાં કર્મને હોમી, બ્રહ્મ સ્વરૂપ થાય;
પૂજા કરી અષ્ટ પ્રકાર ભાવ, આતમ શુદ્ધિ પમાય....રે ચેતન-૨૯
ધ્યાન ધરી એકાગ્ર ચિંતનથી, મોહભાવ ક્ષય થાય;
ધ્યાતા ધ્યેયની એકતાથી આત્મસ્વરૂપ પ્રગટાય....રે ચેતન-૩૦
ઈચ્છા નિરોધી તપ કરતા, કર્મ સકળ થાય નાશ;
અંતરંગ તપ પ્રતપન કરતા, જ્ઞાન જ્યોતિ પ્રગટાય....રે ચેતન-૩૧
સર્વ નયોમાં સમતા સાધી, નિર્વિકલ્પ ચિત્ત થાય;
અજર 'અમર' સ્વરૂપ પામી, અક્ષય પદ પમાય....રે ચેતન-૩૨

*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૌધર્મેન્દ્ર શક્ર

(લે. પ્રો. **હીરાલાલ ર. કાપડિયા** એમ. એ.)

જૈન દર્શન પ્રમાણે જીવોના–સચેતન પદાર્થોના બે પ્રકારો છે: (૧) સંસારી અને (૨) મુક્ત. સંસારી જીવોના ચાર ઉપપ્રકારો છે:–(૧) નારકો, (૨) તિર્યંચો, (૩) મનુષ્યો અને (૪) દેવો. એ પૈકી દેવો ચાર નિકાયવાળા–જાતિના છે: (૧) ભવનપતિ, (૨) વ્યંતર, (૩) જ્યોતિષ્ક અને (૪) વૈમાનિક. વૈમાનિક દેવોના બે વર્ગ પડાય છે: (૧) કલ્પોપપન્ન અને (૨) કલ્પાતીત. કલ્પોપપન્ન દેવોના બાર નિવાસસ્થાનો–કલ્પો છે. તેમાંના એકનું નામ 'સૌધર્મ' છે. એ દેવલોકના–સ્વર્ગના ઇન્દ્રનું નામ 'શક્ર' છે. એને વિષે પજ્જોસવણાકપ્પ કે જેમાં સામાન્ય રીતે 'કલ્પસૂત્ર' તરીકે ઓળખાવાય છે તેમાં કેટલીક માહિતી અપાઈ છે. એ હું સૌથી પ્રથમ નીચે મુજબ દર્શાવું છું:—

નવ નામો—એ ઇન્દ્રનાં નિમ્નલિખિત નવ સંસ્કૃત નામો નીચે મુજબ છે:—

(૧) દેવરાજ, (૨) દેવેન્દ્ર, (૩) પાકશાસન, (૪) પુરંદર, (૫) મઘવા, (૬) વજ્રપાણિ, (૭) **શક્ર**, (૮) શતક્રતુ અને (૯) **સહસ્રાક્ષ**. આ પૈકી દેવેન્દ્ર અને વજ્રપાણિ સિવાયનાનાં પાંચ નામો વિવાહપણ્ણત્તિ (સ. ૩, ઉ. ૨)માં જોવાય છે.

'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ અભિધાન–ચિન્તામણિ (શ્લો. ૧૭૧–૧૭૪)માં ઇન્દ્રનાં ૪૨ નામો આપ્યાં છે. તેમાં ઉપર્યુક્ત નવ નામો પૈકી પહેલાં બે સિવાયનાંને સ્થાન અપાયું છે. જ્યારે એની સ્વોપજ્ઞ વૃત્તિમાં ઇન્દ્રનાં નામોની વ્યુત્પત્તિ દર્શાવાઈ છે.

શ્લો. ૧૭૪–૧૭૫માં ઇન્દ્રના નીચે પ્રમાણે સાત શત્રુઓ ગણાવાયા છે. તેમાં 'પાજ્ઞળ'નો ઉલ્લેખ છે:—

(૧) અદ્રિયો (પર્વતો), (૨) જંભ, (૩) નમુચિ, (૪) પાક, (૫) પુલોમા, (૬) બલ અને (૭) વૃત્ર.

આ નામો તેમજ ઇન્દ્રનાં ૪૨ નામો પૈકી કેટલાંક તો વૈદિક ધર્માવલંબીઓના પૌરાણિક સાહિત્ય અનુસારના મંતવ્યને આભારી છે. ઋગ્વેદમાં ઇન્દ્ર વિષે કેટલીક વિગતો છે. એ ડૉ. રાધાકૃષ્ણને **"Indian Philosophy" (Vol. I)**માં સંકલિત સ્વરૂપે રજૂ કરી છે અને એ પુસ્તકનાં પ્રકરણ ૨–કના અનુવાદ નામે વેદની વિચારધારા (પૃ. ૩૦–૩૨)માં એના અનુવાદક શ્રી ચન્દ્રશંકર પ્રાણશંકર શુકલે ઉપસ્થિત કરી છે. અહીં તો હું જૈન સાહિત્યમાં જે છૂટીછવાઈ બીનાઓ શક્રને અંગે દૃષ્ટિગોચર થાય છે તેનો નિર્દેશ કરીશ.

પ. ક. માં સૂચવાયા મુજબ શક્ર દેવોનો રાજા છે, એ વજ્ર ધારણ કરે છે, એ દક્ષિણાર્ધ લોકનો અધિપતિ છે, એ ૩૨ લાખ વિમાનોનો સ્વામી છે, 'ઐરાવણ' (નામનો હાથી) એનું વાહન છે, એ એ લટકતી વનમાળા પહેરે છે, મસ્તકે મુગટ ધારણ કરે છે, એના કોમળ કપોળ સુવર્ણના કુંડળ વડે શોભે છે, એની 'સુધર્મા' નામની સભા 'સૌધર્માવતંસક' વિમાનમાં આવેલી છે અને એ સભામાં એનું 'શક્ર' નામનું સિંહાસન છે.

એ શક્રે પુરનો–નગરનો નાશ કર્યો હોવાથી એ 'પુરંદર' કહેવાય છે. એણે પૂર્વભવમાં કાર્તિક શ્રેષ્ઠી તરીકે શ્રાવકની પાંચમી પ્રતિમા સો વાર વહન કરી હતી.[1] એથી એને 'શતક્રતુ' કહે છે. વૈદિક

૧. આંગળ ઉપર એણે મુનિસુવ્રત નામના મુનિ પાસે દીક્ષા લીધી હતી. એ શક્ર તરીકે ઉત્પન્ન થયો હતો જ્યારે એને હેરાન કરનારા ગૈરિક તાપસને એના 'ઐરાવણ' નામના હાથી બનવું પડયું હતું, આવી એક માન્યતા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માન્યતા મુજબ તો એણે સો યજ્ઞ કર્યા હતા એથી એ નામ પડયું છે. એને પાંચસો બુદ્ધિશાળી મંત્રીઓ હતા. એ દૃષ્ટિએ એ 'સહસ્રાક્ષ' છે. અજૈન મંતવ્ય મુજબ એણે ગૌતમ ઋષિની પત્ની અહલ્યા સાથે દુરાચાર સેવ્યો હતો. એથી એ ઋષિએ એને એક હજાર ભગનો શાપ આપ્યો પરંતુ એણે ઇન્દ્રની અભ્યર્થનાને લક્ષ્યમાં લઈ એને હજાર નેત્રવાળો (સહસ્રાક્ષ) બનાવ્યો હતો. મહામેઘ ઉપર ઇન્દ્રનું આધિપત્ય હોઈ એ 'મઘવા' કહેવાય છે. આવી એક માન્યતા છે.

પ૦ ક૦માં કહ્યું છે કે ૮૪૦૦૦ [1]સામાનિક દેવો, ૩૩ [2]ત્રાયસ્ત્રિંશદેવો, ૪ [3]લોકપાલો, સપરિવાર આઠ [4]અગ્રમહિષીઓ, [5]ત્રણ પર્ષદા, [6]સાત સૈન્ય અને સાત સેનાધિપતિઓ, ૩,૩૬૦૦૦ [7]અંગરક્ષકો તેમજ અનેક અન્ય 'સૌધર્મ' કલ્પના નિવાસી દેવ–દેવીઓ ઉપર એ શક્રનું આધિપત્ય હતું–એ બધાંનો એ સ્વામી હતો. એ પ્રજાનો પાલક હતો. સૌને એ પૂજ્ય હતો.

શક્રને અવધિજ્ઞાન દ્વારા ખબર પડી કે મહાવીરસ્વામી દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં અવતર્યા છે એટલે એ જાણીને એણે વિધિપૂર્વક એમને વંદન કર્યું અને એમની સ્તુતિ કરી. પછી એને વિચાર આવ્યો કે વિશુદ્ધ જાતિ–કુળમાં જ તીર્થંકરો, ચક્રવર્તીઓ અને બળદેવો જન્મે છે.

શક્રોનો આચાર–નીચ કુળમાં તીર્થંકરાદિક ગર્ભપણે અવતરે તો શક્રોએ એ ગર્ભનું ઉચ્ચ કુળમાં સંહરણ કરવું. આ બાબતમાં પ૦ ક૦માં દર્શાવાઈ છે. એ ઉપરથી શક્રની સંખ્યાનું પણ સૂચન થાય છે. 'હરિણેગમેસિ (હરિનૈગમેષિન્)–આ શક્રના પાયદળનો–પદાતિસેનાનો અધિપતિ છે. એના નામનો અર્થ કોઇ કોઈ ઇન્દ્રનો સેનાધિપતિ કહે છે એટલે કે હરિ અને [8]નૈગમેષિન એમ આ નામમાં બે પદ હોવાનું માની તેનો અર્થ કરે છે તેમજ કેટલાંક પુસ્તકોમાં આ 'હરિણેગમેસિ'ના નામગત 'હરિણ' શબ્દ જોઇને કે અન્ય કોઇ કારણસર એનું મુખ હરણના જેવું આલેખાયું છે તો શું તે સમુચિત છે. જો હોય તો તેનાં પ્રમાણો રજૂ થવાં ઘટે.

ગર્ભનું સંહરણ—શક્રે હરિણેગમેસિને આજ્ઞા કરી કે તારે દેવાનંદાની કુક્ષિમાંના ગર્ભની અને

૧–૩. ભવનપતિ અને વૈમાનિક દેવોના ઇન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, લોકપાલ, પારિષદ્ય, અનીક, આત્મરક્ષક, પ્રકીર્ણક, આભિયોગ્ય અને કિલ્બિષિક એવા દસ પ્રકારો છે. એ પૈકી ઇન્દ્ર બધા દેવોનો સ્વામી છે. આયુષ્ય વગેરેમાં ઇન્દ્રના સમાન એટલે અમાત્ય, પિતા, ગુરુ વગેરેની જેમ પૂજ્ય પરંતુ ઇન્દ્રત્વ વિનાના દેવોને 'સામાનિક' કહે છે. જે દેવો મંત્રી અથવા પુરોહિત જેવા છે તેમને 'ત્રાયસ્ત્રિંશ' કહે છે. લોકપાલો સરહદના રક્ષક છે. એમનાં નામ સોમ, યમ, વરુણ અને કુબેર છે. પારિષદ્ય દેવો મિત્રોની જેમ સભ્ય દેવો છે. અનીક એટલે સૈનિક અથવા તેના વિપતિ કે પ્રકીર્ણક એટલે સામાન્ય. અભિયોગ્ય એટલે દાસ–સેવા કરનારા કિલ્બિષિક અંત્યજ જેવા છે.

૪. એ આઠેનાં નામ પદ્મા, શિવા, શચી, અંજુ, અમલા, અપ્સ, નવલિકા અને રોહિણી છે.

૫. બાહ્ય, મધ્ય અને આભ્યંતર.

૬. ગન્ધર્વ, નાટક, અશ્વ, હાથી, રથ, પાયદળ અને બળદ.

૭. આને 'આત્મરક્ષક' પણ કહે છે. એ દેવો ઇન્દ્રની પીઠ પાછળ ઊભા રહી એનું રક્ષણ કરે છે.

૮. આ શબ્દ પદ્માનંદ મહાકાવ્ય (સ. ૭)માં શ્લો. ૪૨૫–૪૨૬માં વપરાયો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષિમાંના ગર્ભની અદલાબદલી કરવી. આ સાંભળી હરિણેગમેસિએ ઈશાન ખૂણામાં જઈ 'વૈક્રિય' સમુદ્‌ઘાત દ્વારા પોતાના શરીરમાં રહેલા આત્મપ્રદેશોને દંડરૂપે બહાર કાઢયા તેમજ પોતાના શરીરને અત્યંત નિર્મળ બનાવવા પોતાના શરીરગત સ્થૂળ પુદ્‌ગલોને બહાર કાઢી સૂક્ષ્મ અને ઉત્તમ પુદ્‌ગલો ગ્રહણ કર્યા બીજી વાર એણે 'વૈક્રિય' સમુદ્‌ઘાત કર્યો અને ઉત્તર વૈક્રિય રૂપ (શરીર) બનાવ્યું. ત્યારબાદ એ સત્વર દેવાનંદા પાસે આવ્યો અને મહાવીરસ્વામીને જોતાંવેંત એમને પ્રણામ કર્યા. પછી 'અવસ્વાપિની'વડે દેવાનંદા અને એના પરિવારને નિદ્રાધીન બનાવી એના ગર્ભમાંથી અશુભ પુદ્‌ગલો દૂર કરી અને શુભ પુદ્‌ગલો લઈ એણે મહાવીર સ્વામીની અનુજ્ઞા માંગી એમને હાથમાં લીધા. પછી ત્રિશલા ક્ષત્રિયાણી પાસે જઈ તેને અને તેના પરિવારને 'અવસ્વાપિ'ની દ્વારા નિદ્રાધીન બનાવી અશુભ પુદ્‌ગલો દૂર કરી અને શુભ પુદ્‌ગલો પ્રક્ષિપ્ત કરી મહાવીર સ્વામીને ત્રિશલાની કુક્ષિમાં ગર્ભરૂપે પ્રસ્થાપિત કર્યા. આ ઉપરાંત ત્રિશલાના ગર્ભને લઇને દેવાનંદાની કુક્ષિમાં એ ગર્ભને મૂક્યો. તેમ કરીએ દેવ સ્વસ્થાને ગયો. આ કાર્ય એણે શી રીતે કર્યું તે બાબત પ૦ ક૦માં નથી પરંતુ એની માહિતી વિવાહપણ્ણત્તિ (સ. ૫, ઉ. ૪)માંના નિમ્નલિખિત ચાર પ્રશ્નો અને એના લગતા ઉત્તરમાંથી મળે છે.

શક્રનો દૂત હરિણેગમેસિ નામનો સેનાપતિ સ્ત્રીના ગર્ભનું સંહરણ કરે છે ત્યારે (૧) એક ગર્ભાશયમાંથી ગર્ભ લઇને બીજા ગર્ભાશયમાં મૂકે છે કે (૨) એકના ગર્ભાશયમાંથી એ લઇ યોનિદ્વારા બીજીના ઉદરમાં મૂકે છે. કે (૩) યોનિ દ્વારા એકના ગર્ભને બહાર કાઢી અન્ય ગર્ભાશયમાં મૂકે છે. કે (૪) યોનિદ્વારા ગર્ભને ઉદરમાંથી કાઢીને પાછો યોનિ દ્વારાજ બીજીના ઉદરમાં મૂકે છે?

આ ચાર પ્રશ્નોનો ઉત્તર એ અપાયો છે કે એ દેવ પોતાના હાથથી ગર્ભને સ્પર્શી સ્પર્શીને અને તે ગર્ભને પીડા ન થાય તેવી રીતે યોનિ દ્વારા બહાર કાઢીને બીજા ગર્ભાશયમાં મૂકે છે. આ સંબંધમાં અભયદેવસૂરિએ વિશેષ કંઈ ન કહેતાં એટલું જ કહ્યું છે કે સામાન્ય રીતે યોનિદ્વારાજ ગર્ભ બહાર આવે છે.

ગર્ભસંહરણને અંગેનું એક ઉદાહરણ વૈદિક માન્યતા અનુસાર નીચે મુજબ છે:—

વસુદેવની પત્ની દેવકીના ગર્ભને વિશ્વાત્મા યોગમાયા દ્વારા રોહિણીના ઉદરમાં અને રોહિણીના ગર્ભને દેવકીના ઉદરમાં મૂકાયો છે

આ ક્રિયા યોગમાયા શી રીતે કરે છે તેનું વર્ણન કોઇ સ્થળે હોય તો તે તેમજ આધુનિક વૈદ્યકો–ડોકટરોનું આ ક્રિયા પરત્વે શું કહેવું છે તે જાણવું બાકી રહે છે અહીં એ ઉમેરીશ ગર્ભના પરિવર્તનનો એક કિસ્સો જીવનવિજ્ઞાન (પૃ. ૪૩)માં નોંધાયો છે.

કલ્યાણકો અને આસનકંપ—પ્રત્યેક તીર્થંકરના જીવનમાંના નિમ્નલિખિત પાંચ પ્રસંગોતે "પાંચ કલ્યાણકો" તરીકે ઓળખાવાય છે.

(૧) ચ્યવન, (૨) જન્મ, (૩) દીક્ષા, (૪) કેવલજ્ઞાનની પ્રાપ્તિ અને (૫) નિર્વાણ.

સામાન્ય રીતે આ પાંચે કલ્યાણકોના સમયે શક્રનું આસન કંપે છે અને એ અવધિજ્ઞાન વડે યથાર્થ બીનાનો જાણકાર બને છે અને પ્રસંગોચિત કાર્ય કરે છે. મહાવીરસ્વામીના ચ્યવન વખતે શક્રનું આસન કંપ્યાનું જણાતું નથી. જો એમજ હોય તો તેનું કારણ શું? અષ્ટાહ્નિકા મહોત્સવ–કલ્યાણકને અંગે 'નંદીશ્વર' દ્વીપે જઈ શક્ર વગેરે ઇન્દ્રો અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે. જુઓ સુપાસનાહચરિયં

સ્વપ્નનું ફળ કહેવા શક્રનું આગમન—નાભિ કુલકરની પત્ની મરુદેવીએ પોતાની કુક્ષિમાં ઋષભ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેવ અવતર્યા ત્યારે ચૌદ સ્વપ્નો જોયાં. એ સમયે શક્રનું આસન કંપતાં એ નાભિ પાસે આવ્યો, એનું અભિનંદન કર્યું, સ્વપ્નનું ફળ કહ્યું અને મરુદેવીની પ્રશંસા કરી. આમ ચઉપન્નમહાપુરિસચરિત્રમાં કહ્યું છે જ્યારે પદ્માનંદ મહાકાવ્ય (સર્ગ ૭, શ્લોક ૨૭૩ ઇત્યાદિ) પ્રમાણે તે [1]શક્રોના–ઇન્દ્રોનાં આસનો કંપ્યાં અને એ [2]શક્રોએ મરુદેવીને સ્વપ્નોનાં ફળ કહ્યાં.

[3]જન્માભિષેક—તીર્થંકરના જન્માભિષેકાર્થે જવા પૂર્વે શક્રના આદેશથી હરિણૈગમેસિએ 'સુઘોષા' નામની એક યોજનના વિસ્તારવાળી અને અદ્‌ભુત ધ્વનિ કરનારી ઘંટા ત્રણ વાર વગાડી, એથી શક્રના બધાં વિમાનોની ઘંટા સમકાળે વાગી ઊઠી. એ સાંભળી બધાં દેવદેવીઓ તીર્થંકરના જન્માભિષેકાર્થે પોતપોતાના ઇન્દ્રો સહિત 'મેરુ' પર્વત ઉપર જાય છે. શક્ર તો તીર્થંકરની માતા પાસે જઈ તેને અને તીર્થંકરને પ્રણામ કરી જિનમાતાને 'અવસ્વાપિની' દ્વારા નિદ્રાધીન બનાવી તીર્થંકરનું પ્રતિબિંબ એની પાસે મૂકે છે, પછી એ પાંચ રૂપો વિકુર્વે છે: (૧) એક રૂપે એ તીર્થંકરને હસ્તમાં ગ્રહણ કરે છે, (૨) બીજા રૂપે એમના મસ્તક ઉપર છત્ર ધરે છે, (૩–૪) બીજાં બે રૂપે તીર્થંકરની બંને બાજુ ચામર ધરે છે અને (૫) પાંચમાં રૂપે વજ્ર ઉછાળતો–નાચતો 'મેરુ' પર્વતે આવે છે. તીર્થંકરને પોતાના ઉત્સંગમાં લઇને શક્ર સ્નાન કરાવવા લાયક સિંહાસન ઉપર બેસે છે અને અચ્યુતેન્દ્રના આદેશ અનુસાર બધા ઇન્દ્રો જલાભિષેક કરે છે. પછી સૌધર્મેન્દ્ર ઈશાનેન્દ્રના ખોળામાં તીર્થંકરને બેસાડી પોતે ચાર બળદનાં આઠ શીંગડાં દ્વારા દૂધની ધારાથી તીર્થંકરનો અભિષેક કરે છે. ત્યાર બાદ એ તીર્થંકરનું શરીર લૂછે છે, અને વિલેપન કરે છે અને વિભૂષિત કરે છે પછી એ તીર્થંકરની આગળ આઠ મંગળ આલેખે છે અને આરતી ઉતારે છે; ત્યાર પછી પહેલાની જેમ પાંચ રૂપ વિકુર્વીએ પ્રભુને લઇને તીર્થંકરની માતા પાસે આવે છે. અને અવસ્વાપિની દૂર કરે છે અને પ્રતિક્રમકનું સંહરણ કરે છે. એના આદેશથી કુબેર મણિ વગેરેની વૃષ્ટિ કરે છે. શક્ર તીર્થંકરના અંગૂઠામાં અમૃત સ્થાપે છે અને પછી 'નંદીશ્વર' દ્વીપે જાય છે અને સ્વસ્થાને પાછો ફરે છે.

શક્રની શંકા અને તેનું નિવારણ—મહાવીર સ્વામીના જન્માભિષેકના સમયે એવી શંકા સેવે છે કે આ બાળક જળધારાઓ કેવી રીતે સહન કરશે ? એના નિવારણાર્થે મહાવીરસ્વામીને પોતાના ડાબા પગના અંગૂઠા વડે મેરુને ચાંપ્યો અને મોટો ઉત્પાત થયો. એ વિચારતાં શક્રને મહાવીરસ્વામીના અપરિમિત બળની પ્રતીતિ થઈ.

નિશાળ ગરણું—મહાવીરસ્વામી આઠ વર્ષથી કંઇક અધિક ઉમ્મરના થયા ત્યારે એમનાં માતાપિતા એમને લેખાચાર્ય પાસે લઈ ગયા. એ લેખાચાર્યનું ખૂબ મોટું આસન માંડેલું હતું. ત્રણ જ્ઞાનના ધારક મહાવીરસ્વામીને શિષ્યરૂપે લઇ ગયેલા જાણી શક્રનું આસન કંપ્યું. એ લેખાચાર્ય પાસે આવ્યો અને એણે મહાવીરસ્વામીને આસન ઉપર બેસાડયા અને અકારાદિના પર્યાય વગેરે પૂછ્યા. મહાવીરસ્વામીએ એનું સ્પષ્ટીકરણ કર્યું. એ ઉપરથી લેખાચાર્યને કેટલાંક પદ–અર્થો સમજાયા. એ ઉપરથી ઐન્દ્ર વ્યાકરણ ઉદ્‌ભવ્યું આને કેટલાક 'જૈનેન્દ્ર વ્યાકરણ કહે છે.

શક્રે કરેલી પ્રશંસા—એક વેલા શક્રે સભામાં મહાવીરસ્વામીનાં સામર્થ્ય અને ધીરતાની પ્રશંસા કરી. એ ઉપરથી એક દેવ એની પરીક્ષા કરવા એઓ અન્ય રાજકુમારો સાથે રમતા હતા ત્યાં આવ્યો અને રમતમાં જોડાયો. એ હારી જતાં

---

૧–૨. શું આથી ઇન્દ્રો સમજવાના છે ?

૩. આનું વર્ણન મેં સ્તુતિચતુર્વિંશિકા (શ્લો. ૫)ના સ્પષ્ટીકરણ (પૃ. ૩૧–૩૩)માં આપ્યું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એની પીઠ ઉપર મહાવીરસ્વામી ચડી બેઠા. એ દેવે જોતજોતામાં પોતાનું રૂપ વધારે ને વધારે ઊંચું અને વિકરાળ બનાવ્યું. મહાવીરસ્વામીએ એની પીઠ ઉપર મુક્કી મારતાં એ નમી પડ્યો અને એમની પ્રશંસા કરી ચાલતો થયો.

ઋષભદેવનાં લગ્ન—સૌધર્મેન્દ્ર ઋષભદેવનાં લગ્ન સમયે હાજર રહ્યો હતો એટલું જ નહિ પણ ઋષભદેવ ઉત્તમ યાનનાંથી ઊતરી તોરણે આવી ઊભા ત્યારે એ ઇન્દ્રે એમને હાથ આપ્યો (સહાય કરી ?)[1]

શક્રે ભરતને અર્પેલું અર્ધાસન—સૌધર્મેન્દ્રે (શક્રે) ભરતને પોતાના સ્થાનમાં લઈ અર્ધાસને બેસાડયો હતો.[2]

શક્રે કરેલી વંશ સ્થાપના—ઋષભદેવના જન્મ બાદ લગભગ એક વર્ષે વંશસ્થાપનાર્થે શક્ર શેરડી લઇને આવ્યો. સમયે ઋષભદેવ પોતાના પિતાના ખોળામાં બેઠા હતા. એમણે શેરડી ઉપર હાથ લગાવ્યો. એ ઉપથી શક્રે એમના વંશનું નામ 'ઇક્ષ્વાકુ' પાડયું.[3]

ઋષભદેવની દીક્ષા—ઋષભદેવની દીક્ષાનો સમય થતાં શક્રનું આસન કંપ્યું. એ એમની પાસે આવ્યો અને એણે જન્માભિષેકની જેમ એમનાં અભિષેકાદિ કાર્યો કર્યાં. ત્યાર બાદ એક શિબિરા રચી. એના ઉપર ઋષભદેવ આરૂઢ થયા ત્યારે એ શક્રે એમને હાથ (નો ટેકો) આપ્યો. એણે તેમજ ઈશાનેન્દ્રે ચામરો ઢાળવા માંડયાં. શિબિકા 'શિદ્ધાર્થ' ઉધાનમાં આવતાં ઋષભદેવે શિબિકામાંથી નીચે ઊતરી વસ્ત્રાદિનો ત્યાગ કર્યો. શક્રે એમના ખભા ઉપર દેવદ્રવ્ય મુકયું. ઋષભદેવે ચાર મુષ્ટિ વડે જે કેશનો લોચ કર્યો તે શક્રે ગ્રહણ કર્યા. પાંચમો લોચ કરતાં શક્રે એમને રોકયા એટલે થોડા કેશ રહી ગયા. બાકીના કેશ એ ક્ષીરસાગરમાં પધરાવી આવ્યો. લોકોને એણે લઘુ મુષ્ટિની સંજ્ઞા વડે શાંત કર્યા એટલે ઋષભદેવે હું સાવદ્ય યોગોનો ત્યાગ કરું છું એમ બોલ્યા અને એમને 'મનઃપર્યવ' જ્ઞાન ઉત્પન્ન થયું.

ઋષભદેવનું નિર્વાણ—ઋષભદેવનું નિર્વાણ થતાં ભરત ચક્રી મૂર્ચ્છિત બન્યા. એ સમયે કોઇને એવી ખબર ન હતી કે રૂદનથી દુઃખનો ઉચ્છેદ થાય છે. ભરતને એ જણાવવા માટે શક્રે દેવો સહિત ક્રંદન કર્યું. એનો અવાજ સાંભળી ભરતની મૂર્ચ્છા દૂર થઇ અને એણે પણ પુષ્કળ પ્રમાણમાં રૂદન કર્યું અને એનો શોક થોડોક ઘટયો. શક્રે દેવો પાસે 'નંદન' વનમાંથી ચંદનનાં કાષ્ઠો મંગાવ્યાં. એના વડે ત્રણ ચિતાઓ રચવામાં આવી. શક્રે ઋષભદેવને ક્ષીરસમુદ્રમાંથી લવાએલા જળ વડે સ્નાન કરાવ્યું, 'ગોશીર્ષ' ચન્દનનો લેપ કર્યો, દિવ્ય વસ્ત્ર પહેરાવ્યું અને રત્નોનાં અલંકારોથી એમના દેહને વિભૂષિત કર્યો. શિબિકા રચાતાં શક્રે એમના એ દેહને પધરાવ્યો અને એને એ ઉપર્યુક્ત ત્રણ ચિતા પૈકી આ ચિતા પાસે લાવ્યો. શક્રની આજ્ઞાથી અગ્નિકુમારોએ અગ્નિ અને વાયુ પ્રગટાવ્યા. ધાતુઓ બળી જતાં મેઘકુમારોએ ચિતા ઓલવી નાંખી. શક્રે ઉપરની જમણી દાઢ લીધી તો ઇશાનેન્દ્રે ડાબી. ચમરેન્દ્રે નીચેની જમણી દાઢ લીધી તો બલિએ ડાબી. નન્દીશ્વરે જઇ ઉત્સવ કરી બધા ઇન્દ્રો પોતપોતાને સ્થાને ગયા.

કૃષ્ણનું જરાસંધ સાથેનું યુદ્ધ—જરાસંધની સામે વાસુદેવ કૃષ્ણ લડવા ગયા ત્યારે નેમિનાથને પણ એ યુદ્ધમાં ભાગ લેવાનો પ્રસંગ આવ્યો. શક્રને એની જાણ થતાં એણે રથ તેમજ માતલિ સારથિને મોકલી આપ્યા. જરાસંધે યુદ્ધમાં 'જરા'

૧. જુઓ પદ્માનન્દ-મહાકાવ્ય (સર્ગ ૯, શ્લોક ૭૦.)
૨. એજન, સ. ૧૭, શ્લો. ૯૭.
૩. એજન, સ. ૮, શ્લોક ૨૮-૩૨.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિદ્યા વડે કૃષ્ણના સૈન્યને ઘરડું બનાવી દીધું. કેમે કર્યું એ લડવા ઊઠયું નહિ. ત્યારે કૃષ્ણે નેમિનાથની સલાહ માંગી. નેમિનાથે પાર્શ્વનાથની પ્રતિમા પાતાલમાંથી મંગાવી તેને સ્નાત્ર કરાવી તેનું જળ છાંટવા કહ્યું. એ નિમિત્તે ત્રણ ઉપવાસ કૃષ્ણે કર્યા ત્યારે પાતાલના નાયકે એ પ્રતિમા એમને આપી. અને પછી કૃષ્ણે એનું સ્નાત્રજળ છાંડી સૈન્યને ઊભું કર્યું. દરમ્યાનમાં નેમિનાથે ઇન્દ્રે આપેલા રથમાં બેસી લાખ યોદ્ધાઓની આસપાસ રથ ભમાવ્યો એટલે એ યોદ્ધાઓ સાંકળોથી બંધાયા હોય તેવા થઈ ગયા. યુદ્ધમાંથી નેમિનાથ નિવૃત્ત થતાં તેઓ સ્વસ્થ બન્યા. જુઓ શત્રુંજય કલ્પવૃત્તિ (પૃ. ૨૧૭–૨૧૮)

શક્રનું સહાય માટે સૂચન—મહાવીરસ્વામીને સૌથી પ્રથમ એક ગોવાળીયાએ ઉપસર્ગ કર્યો તે સમયે શક્રે કહ્યું કે આગળ ઉપર ભીષણ ઉપસર્ગો સહન કરવા પડે તેમ છે તો હું સહાય કરૂં.

મહાવીરસ્વામીએ એની વિજ્ઞપ્તિનો અસ્વીકાર કરતાં કહ્યું કોઇ તીર્થંકરે અન્યની સહાયતાથી કેવલજ્ઞાન મેળવ્યું નથી અને કોઈ મેળવશે નહિ. તેમ છતાં શક્રે મહાવીરસ્વામીના માસીના પુત્રને કે જે સિદ્ધાર્થ નામનો વ્યંતર થયો હતો તેને સહાય કરવા આદેશ આપ્યો.[૧]

ચમરેન્દ્રનો ઉત્પાત—પાતાળમાંથી ચમરેન્દ્રે સૌધર્મેન્દ્રના વિમાનને ઉપર જતું જેયું. આથી તે ગુસ્સે થયો અને 'સૌધર્મ' દેવલોકમાં જવા વગર વિચારે ઉપડ્યો. જતાં જતાં તેની નજર મહાવીર-સ્વામી ઉપર પડી. એમને પ્રણામ કરી એ બોલ્યો કે હે પ્રભુ ! હું શક્રને જીતવાની ઇચ્છાથી જાઉં છું. તેમાં મને કોઇ આપત્તિ આવે તેથી તમારું શરણ લઉં છું. એમ કહી તે સત્વર દેવલોકમાં ગયો. શક્રે તેને જોઇને તેના ઉપર વજ્ર ફેંકયું એટલે તે નાસવા લાગ્યો. એ ચમરેન્દ્ર મહાવીરસ્વામીના ચરણમાં નમી પડયો. શક્રને એની ખબર પડી કે ચમરેન્દ્ર મહાવીરસ્વામીનું શરણ લઈ આવ્યો છે. એટલે તે વજ્ર પાછળ દોડ્યો અને એણે એ વજ્ર પકડી લીધું અને ચમરેન્દ્રનો અપરાધ હોવા છતાં તેને જતો કર્યો. ચઉપન્નમહાપુરિસચરિયમાં તો એમ કહ્યું છે કે શક્ર ચમરેન્દ્રને મારવા તૈયાર થયો ત્યારે વજ્રદેવે એને રોકયો અને શક્રને બદલે એના એ સેવક વજ્રદેવનું તેજ સહન નહિ થવાથી એ ચમરેન્દ્ર નાઠો એને મહાવીરસ્વામી શરણે ગયેલો જોઇ એણે એને હેરાન કર્યો નહિ.

પુષ્ય સામુદ્રિક અને શક્રનો સંવાદ—'વરાંગ' નદીને કિનારે રેતીના પટમાં પગલાં સ્થાપીને મહા-વીરસ્વામી રહ્યા હતા. એ પગલાંમાં ચક્ર, અંકુશ, વજ્ર વગેરે લક્ષણો જોઇને પુષ્ય નામના સામુદ્રિકને એમ લાગ્યું કે અહીં ચક્રવર્તીના લક્ષણવાળી પગ-લાંની શ્રેણિ જેવાય છે તો કોઈ પગે ચાલીને ગયું જણાય છે. એ સામુદ્રિક પગલે પગલે ગયો. થોડુંક ચાલ્યો તો એની નજર કાયોત્સર્ગમાં રહેલા મહા-વીરસ્વામી ઉપર પડી. એમના દુર્બળ દેહમાં ચરણ ઉપરાંત અન્યત્ર પણ સામુદ્રિક લક્ષણો છે અને છતાં આ મહાનુભાવના શરીર ઉપર વસ્ત્ર પણ નથી તો તો શું આ લક્ષણો ખોટાં છે કે લક્ષણશાસ્ત્ર ખોટું છે ? મેં એ શાસ્ત્રના અભ્યાસ પાછળ પરિશ્રમ કર્યો તેને ધિક્કાર થાઓ. હું લક્ષણશાસ્ત્રની વ્યાખ્યામાં ભરમાયો હોઉં એવું મને જણાય છે. પુષ્યને પોતાની નિન્દા કરતો જાણી ઇન્દ્રે કહ્યું કે તારું સામુદ્રિક શાસ્ત્રનું જ્ઞાન સાચું છે. ચક્રવર્તીનાં લક્ષણો ખોટાં નથી. આવાં લક્ષણો ભરતાદિકની જેમ ધર્મ ચક્ર-

૧. ચઉપન્ન મહાપુરિસચરિયમાં આ સંબંધમાં એવું કથન છે કે ઇન્દ્રના આદેશનો અમલ થાય તે માટે મહાવીરસ્વામીના શરીરમાં પ્રવેશ કર્યો અને એ ઉપસર્ગોનું નિવારણ કરતો રહ્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્તીનાં પણ હોય છે અને આ પ્રભુ ધર્મચક્રવર્તી છે. પુષ્પ એમને પ્રણામ કરી ચાલતો થયો[1].

સંગમનું નિર્વાસન—એક વેળા શક્રે 'સૌધર્મ' સભામાં મહાવીરસ્વામીના ધૈર્યની પ્રશંસા કરી કે પેટાલ ગામની નજીકના પોલાસ ચૈત્યમાં ભગવાન મહાવીરસ્વામી 'કાયોત્સર્ગ' ધ્યાનમાં છે તેમને ચલાયમાન કરવા કોઇ સુર કે અસુર સમર્થ નથી. આ સાંભળી સંગમ નામના સામાનિક દેવે કહ્યું કે હું એમને ચલાયમાન કરીશ. શક્રે એને રોકયો નહિ કેમકે તેમ કરવા જતાં એ દેવને મહાવીર સ્વામીના સામર્થ્ય વિષે શંકા ઉદ્‌ભવશે એમ એને લાગ્યું સંગમે એક રાત્રિમાં વીસ ઉપસર્ગો કર્યા. છ મહિના સુધી તેણે અનેક ઉપસર્ગો કર્યા. આખરે હારીને એ પાછો ફર્યો ત્યારે શક્રે એને દેવલોકમાંથી નિર્વાસિક કર્યો–હાંકી કાઢ્યો. એટલે એ મેરૂની ચૂલિકા ઉપર જઈ રહ્યો.

આ પ્રમાણે મેં શક્ર વિષે કેટલીક વિગતો રજૂ કરી છે. હજી કોઇ કોઈ રહી ગઈ હશે. તે આગળ ઉપર યોગ્ય સાધન અને સમય મળતાં રજૂ કરવા મારો વિચાર છે. તેમ છતાં આ લેખ વાંચી કોઇએ એ બાબતો દર્શાવશે તો મારે પ્રયત્ન નહિ કરવો પડે એટલો આનંદ થશે. હવે પછી ધરણ ઇન્દ્ર વિષેનું લખાણ રજૂ કરાશે એવી આશા છે.

*

૧. જુઓ ચઉપન્નમહાપુરિસચરિયનો અનુવાદ (પૃ. ૩૮૨).

૨. આની રૂપરેખા મેં વીરભક્તામર (શ્લો. ૧૫)ના સ્પષ્ટીકરણમાં આલેખી છે. જુઓ 'ભક્તામર સ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્ય સંગ્રહ' (પ્રથમ વિભાગ, પૃ. ૩૯–૪૨).

# અમારા પ્રકાશનોનો રીવ્યુ

## નવાં પ્રકાશનો

ભગવાન મહાવીર યુગના ઉપાસકો : કિં. રૂા. બે.

અત્રે આઠ કથાઓનો સંગ્રહ છે. આ બોધ પ્રધાન કથાઓ ધર્મકક્ષાઓને આધારે લખાઈ છે અને તેનું નિરૂપણ લોકરૂચિને અનુલક્ષીને છે. ચાર કથાઓ શ્રી ભીમજી હરજીવન (સુશીલ)ની છે અને બાકીની ચાર શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાની છે. આ કથાઓ બુદ્ધિને તેજસ્વી બનાવી હૃદયમાં ધર્મવૃત્તિ જગાવે તેવી સાત્ત્વિક છે.

જાણ્યું અને જોયું : લેખક : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા. કિં. રૂા. બે.

સામાન્ય લગતા પ્રસંગોમાંથી બોધ તારવવાની લેખકમાં અજબ શક્તિ છે એટલુંજ નહિ એ સઘળાની રજુઆત પણ મર્મગ્રાહી છે. એમાં સૌ કોઇને સ્પર્શે એવા ચિંતનના ઝબકારા છે.

બંનેના પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા ખારગેટ–ભાવનગર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમાચાર

## જૈન વિદ્યાર્થીઓને લોન-સહાય

શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીને એન્જીનિયરીંગ આર્કિટેકચર, દાક્તરી, વાણિજ્ય, ચાર્ટર્ડ તથા કોરટ એકાઉન્ટન્ટસ, બિઝનેસ મેનેજમેન્ટ, શિક્ષણ, લલિતકળા અથવા જૈન વિદ્યાના ઉચ્ચ અભ્યાસ માટે; ડિગ્રી અભ્યાસ માટે ઈન્ટર મીડિયેટ પરીક્ષા પસાર કર્યા પછી અને ડિપ્લોમાના અભ્યાસ માટે એસ. સી. પરીક્ષા પસાર કર્યા પછી ટ્રસ્ટના નિયમાનુસાર લોનરૂપે સહાય આપવામાં આવે છે. તે માટેનું નિયત અરજી પત્રક રૂા. ૧-૨૫ મનીઓર્ડરથી કે ટપાલ ટિકીટ મોકલવાથી નીચેના સરનામેથી મળશે. અરજી પત્રક સ્વીકારવાની છેલ્લી તા. ૧૫ મી જુલાઈ ૧૯૭૨ છે.

**આચાર્ય શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દી શિક્ષણ ટ્રસ્ટ**
ઠે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાંતિ માર્ગ **મુંબઈ-૩૬**

## શ્રી આત્મ વલ્લભ-શીલ સૌરભ ટ્રસ્ટ

યુગવીર આચાર્યશ્રી વિજય વલ્લભસૂરી મહારાજના સમુદાયના પૂ. સાધ્વીજી શ્રી શીલવતીશ્રીજી મહારાજના જીવનકાર્ય, જીવન સાધના અને ગુરુ ભક્તિની સ્મૃતિમાં શ્રી આત્મ-વલ્લભ-શીલ સૌરભ ટ્રસ્ટ, પૂ. સાધ્વીજી મહારાજોના અભ્યાસ માટે અને અર્ધમાગધી પ્રાકૃતનો અભ્યાસ કરતી બહેનોને આર્થિક સહાય આપે છે.

કોલેજમાં અભ્યાસ કરતી જૈન વિદ્યાર્થિની જેમને અર્ધમાગધી અને પ્રાકૃત વિષયો લીધેલા હોય અને આર્થિક સહાયની જરૂર છે તેમણે નિયત અરજી પત્રક કાર્યાલયેથી મંગાવી, ૧૫ જુલાઈ સુધીમાં ભરી મોકલવું.

પૂજ્ય સાધ્વીજી મહારાજોને ધાર્મિક અભ્યાસ અંગે સહાયની જરૂર હોય તો તે સ્થળના ઉપાશ્રયના વહીવટકર્તાએ અભ્યાસ, સહાયતાના પ્રમાણ વગેરે વિગતો સાથે ટ્રસ્ટના મંત્રીને જણાવવું.

કાર્યાલયનું સરનામું :
**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**
ઓગષ્ટ ક્રાંતિ માર્ગ, **મુંબઈ-૩૬**

## આદર્શ લગ્ન મહોત્સવ

પાલીતાણાના જાણીતા સેવાભાવી ડૉ. બાવીશી સાહેબના સુપુત્રી ભારતી બી. એ.ના શુભ લગ્ન મોરબી નિવાસી શ્રી મગનલાલ જી. ગાંધીના સુપુત્ર રમેશ એમ. એ. સાથે તા. ૨૫-૫-૭૨ વિશિષ્ટ ધામધૂમ અને નવીનતમ રીતે ઉજવાયા.

નવી ઢબની સાહિત્ય સભર લગ્ન-પત્રિકા, લગ્ન પ્રસંગે અંતરની ઉર્મિથી રજુ કરાએલ કાવ્યો, અને સત્કાર સમારંભ સમયે, જુદા જુદા વક્તાઓએ રજુ કરેલ સમયોચીત પ્રવચનો એ આ લગ્ન-સમારંભની વિશિષ્ટતા હતી.

(અનુસંધાન ટાઈટલ પેઈજ ૨ પર જુઓ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રંથો

### સંસ્કૃત ગ્રંથો

| | |
|---|---|
| ૧ વસુદેવ હિણ્ડી–દ્વિતીય અંશ | ૧૦–૦૦ |
| ૨ બૃહત્કલ્પ સૂત્ર ભા. ૬ ઠ્ઠો | ૨૦–૦૦ |
| ૩ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત મહાકાવ્યમ્ ભા. ૨, પર્વ ૨, ૩, ૪ (મૂળ સંસ્કૃત) પુસ્તકાકારે | ૧૨–૦૦ |
| ૪ ,, ,, પ્રતાકારે | ૧૫–૦૦ |
| ૫ દ્વાદશાર નયચક્રમ્ | ૪૦–૦૦ |
| ૬ સમ્મતિતર્ક મહાર્ણવા વતારિકા | ૧૫–૦૦ |
| ૭ તત્ત્વાર્થાધિગમસૂત્રમ્ | ૧૫–૦૦ |
| ૮ પ્રબંધપંચશતી | ૧૫–૦૦ |

*

### અંગ્રેજી ગ્રંથો

| | |
|---|---|
| 1 Anekantvada by H. Bhattacarya | 3-00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35-00 |

*

### ગુજરાતી ગ્રંથો

| | |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૧૫–૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૦–૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૪–૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨–૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્ન ભા. ૨ | ૨–૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૨–૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૦–૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૩–૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧–૫૦ |
| ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) પૂ. આ. વિજયકસ્તૂરસૂરિજી | ૧૦–૦૦ |
| ૧૧ સ્યાદ્વાદ મંજરી | ૧૫–૦૦ |
| ૧૨ અનેકાન્તવાદ | ૨–૦૦ |
| ૧૩ નમસ્કાર મહામંત્ર | ૨–૦૦ |
| ૧૪ ચાર સાધન | ૨–૦૦ |
| ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૨–૦૦ |
| ૧૬ જાણ્યું અને જોયું | ૨–૦૦ |

*

નોંધ : સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

## શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર


તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રીમંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ,

For Private And Personal Use Only